તા- ૧૨/૦૫/૨૦૨૦



शार्दूल शिशु विहार
स्वयमेव मृगेंद्रता
Child Is Smile Of Nation
- Harshad P. Shah
/ Shardul Shishuvihar
/ www.shardul.org

# સુડોકુ

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | | | | | 5 |
| | | 5 | 4 | | |
| | 4 | | | 5 | |
| | 3 | | | 4 | |
| | | 2 | 3 | | |
| 4 | | | | | 6 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | 2 | |
| 2 | | 3 | | | |
| | | 5 | 4 | 3 | |
| | 3 | 6 | 5 | | |
| | | | 1 | | 5 |
| | 1 | | | | |

## ઉખાણું

ખારા જળમાં બાંધી કાયા
રસોઇમાં છે મારી માયા,
જન્મધર્યાં મેં ખારાઘોડા
મારાં દામ તો ઉપજે થોડા.

## જોડકણા

ઠાગઠૈયા કરું છું
ચાંચલડી ઘડાવું છું
જાઓ કાબરબાઈ, આવું છું.

## ક્રિયાકલાપ

| | |
|---|---|
| સાધન સામગ્રી | રૂમાલ, કલર |
| વર્ણન | ૮૦.૧ રૂમાલને ઘડી વાળીને કલર લગાવી ડીઝાઇન કરી શકાય |



# ચિત્ર





शार्दूल शिशु विहार
स्वयमेव मृगेन्द्रता

# વાર્તા

## એક જૂઠાણાની કિંમત

– તિરુમલશ્રી

જ્યારે ગોવિંદ ચૌદ વર્ષનો હતો ત્યારે તેના માતા–પિતા એક નૌકા દુર્ઘટનામાં મૃત્યુ પામ્યાં.

કૃષ્ણા તેના ગામનો એક દુકાનદાર હતો. તેણે ગોવિંદને પોતાની સાથે રાખી લીધો અને પોતાની દુકાનમાં કામ આપી દીધું. તેણે ગોવિંદને પોતાના ઘરમાં રહેવા–ખાવાની સુવિધા આપી અને દુકાનમાં કામના બદલે તેને મહિને પગાર પણ આપવા લાગ્યો.

પરંતુ, તે પૈસા સીધાજ તેના હાથમાં આપવાને બદલે **તેણે** એક બેંકમાં ગોવિંદના નામનું ખાતું ખોલાવીને પૈસા તેમાં જમા કરાવવાનું શરૂ કરી દીધું. તેનો વિચાર હતો કે તે રકમ તે મોટો થઈ ઘર વસાવશે ત્યારે કામ આવશે.

તે ગોવિંદ**નું** પોતાના ઘરના સભ્ય તરીકે ધ્યાન રાખતો હતો. આનું એક કારણ એ પણ હતું કે કૃષ્ણાને કોઈ છૈયુ–છોકરું હતું નહીં.

ગોવિંદ મહેનતથી કામ કરતો અને સાચુ બોલતો. કૃષ્ણા તેના પર ખૂબ ભરોસો કરવા લાગ્યો. પરિણામે તે ક્યારેક ક્યારેક કોઈ બીજા કામથી દુકાનથી બહાર જતો તો દુકાન ગોવિંદના ભરોસે જ મૂકીને જવા લાગ્યો.

આ રીતે દિવસો વિતવા લાગ્યા. અચાનક એક દિવસ, રોકડમાં પચ્ચીસ રૂપિયાનો તફાવત પકડાયો. તે દિવસે કૃષ્ણા દુકાન પર હતો. ગોવિંદ **તેને** મદદ કરી રહ્યો હતો. કૃષ્ણાએ ફક્ત બપોરનાં ભોજન માટે જ દુકાન છોડી હતી. રાત્રે દુકાન બંધ કર્યા પછી તેણે રાતે હિસાબ મેળવ્યો તો પચ્ચીસ રૂપિયા ઓછા હતા.

ખૂબ વિચાર કરવા છતાંય કૃષ્ણાને યાદ આવતું નહોતું કે તે પચ્ચીસ રૂપિયાનું શું થયું. તેણે ગોવિંદને બોલાવીને **પૂછ્યું** કે તેણે પચ્ચીસ રૂપિયા લીધા હતા ? પરંતુ ગોવિંદે કહ્યું કે આજે તો **મેં** રોકડને હાથ પણ નથી અડાડયો.

કૃષ્ણાએ તેની વાત માની લીધી કારણ કે ગોવિંદ ક્યારેય ખોટું બોલતો નહોતો. તે એ વિચારવાનો, યાદ કરવાનો પ્રયાસ કરવા લાગ્યો કે તેણે પચ્ચીસ રૂપિયા ક્યાં ખર્ચ કર્યા હશે. એક મહિનો વીતી ગયો. કૃષ્ણા અનેગોવિંદ દુકાન પર હતા. ત્યારે જ ગોવિંદનો મિત્ર શિવ દુકાને આવ્યો અને ઉત્સાહિત સ્વરે બોલ્યો, ''પ્રિય ગોવિંદ, તેં પાછલા મહિને જે લોટરીનું ટિકિટ ખરીદ્યું હતું, તેના પર તને ઈનામ લાગ્યું છે !''

ગોવિન્દે ખૂબ ખુશ થઈને તેના હાથે**માંથી** છાપું **ઝૂંટવી** લીધું અને કહ્યું, ''જરા મને તો જોવા દે !'' તેણે લોટરીના પરિણામો જોયા. તેને પોતાના ટિકિટ પર પચ્ચીસ હજાર રૂપયાનું ઈનામ લાગ્યું હતું.

કૃષ્ણાને ખૂબ આશ્ચર્ય થયું. તેણે કહ્યું, '' ગોવિંદ, તેં મારી જાણ બહાર લોટરીનું ટિકિટ ક્યારે ખરી**દી** ? તારી પાસે ટિકિટ ખરીદવાના પૈસા ક્યાંથી આવ્યાં ?''

આના જવાબમાં ગોવિન્દે કહ્યું, ''જ્યારે તમે મને પૂછ્યું હતું કે મેં ગલ્લામાંથી પચ્ચીસ રૂપિયા લીધા હતા તો મેં કહ્યું હતું કે મેં પૈસા નથી લીધા. પરંતુ ખરેખર તો મેં આ ટિકિટ ખરીદવા માટે પૈસા કાઢ્યા હતા.''

કૃષ્ણા સ્તબ્ધ થઈને તેને જોતો રહ્યો. ગોવિંદે આગળ કહ્યું, ''જ્યારે મારા મિત્રો લોટરી**ની** ટિકિટ ખરીદી રહ્યા હતા, તો મને પણ મારું નસીબ અજમાવી જોવાનું મન થયું. પરંતુ હું તમને સાચી વાત કહેતા ડરતો હતો. કૃપા કરીને મને માફ કરી દો.'' આટલું કહીને એ માથું નીચું કરીને ઊભો રહ્યો.

કૃષ્ણા ખુશ હતો કે ગોવિંદને પચ્ચીસ હજાર રૂપિયા મળ્યા હતા. તેણે મીઠાઈ વહેંચી.

જ્યારે ગોવિંદને તેનું ધન મળી ગયું, તો કૃષ્ણાએ તેને તે રકમ વ્યર્થ બરબાદ ન કરીને તેને બેંકમાં જમા કરવાની સલાહ આપી.

પછી તેણે તેને કહ્યું, ''મહેનતથી કમાયેલું ધન આ રીતે લોટરી પર વેડફવું જુગાર રમવા જેવું છે. ભવિષ્યમાં ક્યારેય લોટરી**ની** ટિકિટ વગેરે ખરીદવાનો વિચાર પણ કરતો નહીં.

કેટલાક દિવસ પછી કૃષ્ણાએ ગોવિંદને તેના ખાતાની પાસબુક આપી દીધી જેમાં તે આજ સુધી તેનો પગાર જમા કરતો હતો.



તેણેગોવિંદને કહ્યું, ''આજથી તારે કામ પર આવવાની આવશ્યકતા નથી. તારે મારા ઘરને પણ છોડવું પડશે અને પોતાના માટે બીજો આશરો શોધવો પડશે.'' સાફ હતું કે કૃષ્ણાએગોવિંદને અલવિદા કહી દીધું હતું.

ગોવિંદ અવાક થઈ ગયો. તે કૃષ્ણાનાં પગમાં પડી ગયો અને કરગરવા લાગ્યો, ''કૃપા કરીને મને માફ કરી દો. મેં પરિણામ જાણ્યાં વગર એક ભૂલ કરી દીધી. આવી ભૂલ મારાથી ફરી ક્યારેય નહીં થાય. હવે હું કદાપિ જૂઠું નહીં બોલું. કૃપા કરીને મને જવાનું ન કહો.''

કૃષ્ણાએ તેને પ્રેમથી ઉઠાવીને કહ્યું, ''ગોવિંદ, પ્રશ્ન મારી જાણ બહાર ગલ્લામાંથી પૈસા લેવાનો નથી. તારું ખોટું બોલવું પણ આનું કારણ નથી. હું તને ફક્ત એટલા માટે જવાનું કહી રહ્યો છું કે હવે હું તારા પર પહેલાની જેમ આંખ મીંચીને ભરોસો નહીં કરી શકું. તું સાચું બોલીશ ત્યારે પણ મને તું કદાચ ખોટું બોલી રહ્યો છે તેવી મનમાં શંકા થશે. અને આ રીતે સંદેહ કરવો આપણા બંને માટે યોગ્ય નહીં ગણાય.''

હવે ગોવિંદ પાસે બીજો કોઈ રસ્તો નહોતો. જતા–જતા તેણે પોતાની જાતને કહ્યું, ''એક જુઠાણાંની મારે કેટલી ભારે કીંમત ચુકવવી પડી !''

# વિજ્ઞાન પ્રયોગ

## ગોળ-ગોળ ફર્યા કરતો બોલ

### સાધનો


રબરનો બોલ


બરણી

### સૂચનાઓ :

- બરણીને બોલની ઉપર ઊંધી મૂકો જેથી બોલ બરણીની અંદર બરણીમાં મોં બાજુ રહે.
- ટેબલની ઉપર જ હવે તે બરણીને ગોળ-ગોળ ફેરવો
- જ્યારે બોલ પણ બરણીની અંદર ગોળ-ગોળ ફરવા લાગે ત્યારે બરણીને ટેબલથી થોડી ઉપર કરી દો.

**સારાંશ :**

જ્યારે બરણી ઉપર કરશો ત્યારે બોલ પણ ઉપર આવી જશે અને જ્યાં સુધી તેની ગતિ ધીમી નહિ થાય ત્યાં સુધી તે બરણીમાં ગોળ-ગોળ ફર્યા કરશે.

**સિદ્ધાંત :**

બરણીમાં ગોળગોળ ફરતો બોલ બહાર આવવાનો પ્રયત્ન કરે છે પરંતુ બરણીની દીવાલો તેને અંદર રહેવા દેવા માટે બળ કરે છે જેથી આ પ્રયોગ થઈ શકે છે. ગોળ-ગોળ ગતિના બળના કારણે બોલ ગોળ-ગોળ ફરે છે, પરંતુ જ્યારે તેની ગતિ ધીમી પડે છે ત્યારે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ તેને ખેંચે છે જેથી બોલ બરણીમાંથી નીચે જમીન ઉપર પડી જાય છે.



## ગૃહકાર્ય




https://vimeo.com/showcase/7086423

https://vimeo.com/showcase/7086446

https://www.youtube.com/watch?v=Zq3sf_3RvyE&feature=youtu.be

## રમત

https://vimeo.com/showcase/7086198

https://vimeo.com/showcase/7086193

https://www.youtube.com/watch?v=kqSzARez-1A&feature=youtu.be

## મેરા ભારત મહાન.




स्वयमेव मृगेन्द्रता

## -: રામાયણ :-

હનુમાનજી રામના ભક્ત ક્યારે બન્યા?

# दुर्लभं भारते जन्म

## રાણકી વાવ, પાટણ, ગુજરાત



રાણકી વાવ અથવા રાણી કી વાવ ગુજરાત રાજ્યના પાટણ જિલ્લાનાં પાટણ શહેરમાં આવેલી એક ઐતિહાસિક વાવ છે. આ વાવ પાટણ શહેરનું એક જોવાલાયક સ્થળ છે જેની દેશ-વિદેશના હજારો પર્યટકો મુલાકાત લે છે.

અણહિલવાડ પાટણના સોલંકી વંશના સ્થાપક મૂળરાજ સોલંકીના પુત્ર ભીમદેવ પહેલાની પત્ની અને જુનાગઢ ના ચુડાસમા વંશના રાજા રા ખેંગાર ના પુત્રી રાણી ઉદયમતીએ ૧૧મી સદીના અંતિમ ચતુર્થાંશમાં પ્રજા માટે પાણીની વ્યવસ્થા ઉભી કરવા વાવનું નિર્માણ કરાવ્યું હતું.

સદીઓ અગાઉ સરસ્વતી નદીમાં આવેલા પૂર અને અન્ય ઘટનાક્રમથી આ વાવ જમીનમાં દટાઈ ગઈ હતી જેથી ધરતી તળે દબાયેલી આ વાવ પર કોઈની નજર પહોંચી શકી ન હતી. પરંતુ, ૨૦મી સદી સુધી લોકોથી અલિપ્ત રહેલી આ વાવને મૂળ સ્વરૂપમાં લાવવા ભારતીય પુરાતત્વ વિભાગે ઇ.સ. ૧૯૬૮માં વાવમાં ભરાયેલી માટીને બહાર કાઢવા ઉત્ખનન કાર્યવાહી આરંભતા ઘણા વર્ષો બાદ વાવ તેના મૂળ સ્વરૂપમાં આવી હતી.

રાણકી વાવનું મુખ પૂર્વ તરફ ખુલે છે. રાણકી વાવ ૬૪ મીટર લાંબી, ૨૦ મીટર પહોળી અને ૨૭ મીટર ઊંડી છે. તે સાત માળ જેટલી ઊંડી છે. આ વાવ જયા પ્રકાર ની વાવ છે. આ વાવના આધારસ્તંભ સોલંકી રાજવંશ અને તેમના સ્થાપત્ય રૂપી અજાયબીઓના સમય તરફ દોરી જાય છે. વાવની દિવાલો અને સ્તંભો પરની મોટા ભાગની કોતરણી ભગવાન વિષ્ણુના વિવિધ પ્રકારના અવતારો જેવા કે રામ, વામન, કલ્કી વગેરેને સમર્પિત છે.

વાવમાં દેવીદેવતાઓની સાથે-સાથે અપ્સરાઓ અને નાગકન્યાઓની પણ કલાત્મક મૂર્તિઓ કંડારવામાં આવી છે.

અહીંયા એક નાનો દરવાજો છે જે સિદ્ધપુર તરફ જતાં ૩૦ કિલોમીટર લાંબાં એક બોગદામાં ખુલે છે. આ પ્રવેશદ્વાર અત્યારે કાદવ અને પથ્થરોથી ભરાઈ ગયેલું છે પણ મૂળતઃ આ માર્ગ સંકટ સમયે રાજા અને રાજપરિવારને ભાગવા માટે બનાવવામાં આવ્યો હોવાનું અનુમાન છે.

ભારતીય રિઝર્વ બેંકે વર્ષ ૨૦૧૮માં બહાર પાડેલી નવી જાંબલી રંગની રૂપિયા ૧૦૦ની ચલણી નોટોમાં પાછળની તરફ રાણકી વાવ દર્શાવવામાં આવી છે.

# शरीरमाद्यं खलु धर्मसाधनम् ।।

- પેટ પર સૂતાં – સૂતાં કરવાનાં આસનો

### ભુજંગાસન



### શલભાસન



### મકરાસન



# -: અપેક્ષા રહિત કામ કરવું :-

| |
|---|
| શાર્દૂલ શિશુ વિહાર સુરત :- 7818088520<br>શાર્દૂલ શિશુ વિહાર જુનાગઢ :- 9722127743<br>શાર્દૂલ શિશુ વિહાર કર્ણાવતી :- 9904469844<br>શાર્દૂલ શિશુ વિહાર પુણે :- 7249696110 |
| પાછલા ઝરણાંની આવૃત્તિ માટે જાવ<br>http://www.shardul.org/ |
| https://www.facebook.com/Shardul.Official/ |